# TET-1 Question Paper: 30/08/2014

1. સારા શિક્ષક માટેનું અનિવાર્ય લક્ષણ કયું છે ?

(A) અસરકારક વ્યક્તિત્વ
(B) વિષયવસ્તુની સંગીન જાણકારી
(C) પ્રયોગશીલતા
(D) વર્ગમાં શિસ્ત જાળવવાની ક્ષમતા

2. I have an umbrella. This umbrella is not ......

(A) me (B) myself (C) mine (D) my

3. કઈ રકમના 25 % ના 25 % 25 થાય ?

(A) 4000 (B) 400 (C) 625 (D) 2500

4. 'પાવન' શબ્દની સંધિ છોડતાં -

(A) પાવ્ + અન (B) પૌ + અન (C) પાવ્ + ઉન (D) પો + અન

5. 'કામા કેરી ખાય છે.' - આ વાક્યમાં 'ખાય છે.' ક્રિયાપદનો પ્રકાર લખો.

(A) સકર્મક ક્રિયાપદ (B) દ્વિકર્મક ક્રિયાપદ (C) સંયુક્ત ક્રિયાપદ (D) અકર્મક ક્રિયાપદ

6. I have to go to Mumbai ......................

(A) yesterday
(B) tomorrow
(C) on last Sunday
(D) a day before

7. Kajal says she can't ......................... our invitation for lunch today.

(A) across (B) accept (C) almost (D) angel

8. એક ત્રિકોણના ખૂણાઓના માપ 1:4:5 ના પ્રમાણમાં છે, તો ત્રિકોણના સૌથી મોટા ખૂણા અને સૌથી નાના ખૂણાના માપનો તફાવત ................. થાય.

(A) 72 (B) 30 (C) 45 (D) 60

9. શબ્દસમૂહ માટે એક શબ્દ જણાવો : 'સાઠ વર્ષ પૂરાં થયે ઉજવાતો ઉત્સવ'

(A) માણેક મહોત્સવ (B) સુવર્ણ મહોત્સવ (C) અમૃત મહોત્સવ (D) મણિમહોત્સવ

10. I have .................... the reading competition.

(A) win (B) wins (C) wining (D) won

11. શબ્દકોષનો સાચો ક્રમ પસંદ કરો.

(A) કૃત્ય,કૃતિ, કૃત્તિકા, કૃત્રિમ
(B) કૃતિ, કૃત્તિકા, કૃત્ય, કૃત્રિમ
(C) કૃતિ, કૃત્તિકા, કૃત્રિમ, કૃત્ય
(D) કૃતિ, કૃત્ય,કૃત્તિકા, કૃત્રિમ

12. ભારતની પ્રથમ બોલતી ફિલ્મ 'આલમ આરા' કઈ સાલમાં પ્રદર્શિત થઈ ?

(A) 1931 (B) 1935 (C) 1942 (D) 1940

13. 1 કિ.ગ્રા. લીંબુનો ભાવ 30 રૂ. છે. 3 લીંબુનું વજન 100 ગ્રામ થાય છે. તો એક લીંબુની કિંમત કેટલી થશે ?

(A) 1 રૂ. (B) 50 પૈસા (C) 90 પૈસા (D) 3 રૂ.

14. 'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે' - આ પંક્તિ કયા કવિની છે ?

(A) સુંદરમ્ (B) રાજેન્દ્ર શાહ (C) હરીન્દ્ર દવે (D) ઉમાશંકર જોષી



www.globlegujarat.in

15. The neem tree is ................. my house.

(A) in (B) over (C) in front of (D) on

16. બાળકના સર્વાંગી વિકાસને અસર ન કરતું પરિબળ કયું છે ?

(A) પરિપક્વતા (B) દમન (C) ઉત્પ્રેરણા (D) વારસો

17. 'માણભટ્ટ' તરીકે ખ્યાતિ મેળવનાર કવિ કોણ છે ?

(A) નરસિંહ મહેતા (B) પ્રેમાનંદ (C) દયારામ (D) અખો

18. $\frac{3}{8}$ નું ટકામાં રૂપાંતર ............... મળે.

(A) 35.70% (B) 73.50% (C) 30.75% (D) 37.50%

19. એક મીટર બરાબર કેટલા ઈંચ થાય ?

(A) 39.5 ઈંચ (B) 39.37 ઈંચ (C) 38.8 ઈંચ (D) 39.00 ઈંચ

20. માનવશશરીરનું કયું અંગ માત્ર કૂર્ચાનું બનેલું છે ?

(A) છાતીનું પાંજરું (B) પગ (C) માથું (D) નાક

21. Our car was running ...................... the road to Udaipur.

(A) upon (B) along (C) in (D) on

22. See, the garden ..................... the flowers from garden.

(A) has plucked (B) plucking (C) is plucking (D) plucked

23. ગુજરાતીમાં અનુનાસિક ધ્વનિઓ કેટલા છે ?

(A) સાત (B) ચાર (C) આઠ (D) પાંચ

24. $\frac{7}{8}$ નો સમઅપૂર્ણાંક શોધો.

(A) $\frac{49}{64}$ (B) $\frac{21}{32}$ (C) $\frac{14}{24}$ (D) $\frac{49}{56}$

25. The cyclone caused ................................ damage to the village.

(A) extended (B) extension (C) extensive (D) extend

26. 'શાશ્વત' - નો વિરોધી શબ્દ કયો છે ?

(A) સદાકાળ (B) ક્ષણિક (C) સજ્જન (D) ક્ષય

27. લંબચોરસ ABCD ની પરિમિતિ 36 છે. જો AB : BC = 4:5 હોય તો BC = ......................

(A) 5 (B) 9 (C) 10 (D) 4

28. 'લીપ ઈયર' વર્ષમાં 1 લી ફેબ્રુઆરીના રોજ સોમવાર હોય તો, 1 લી માર્ચના દિવસે કયો વાર હશે ?

(A) ગુરૂવાર (B) મંગળવાર (C) સોમવાર (D) બુધવાર

29. Which of the following words is 'Adjective'.

(A) Kindness (B) Kind (C) Kinding (D) Kindly

www.globlegujarat.in

30. As the child was alone, I .......................... look after it.

(A) has to (B) had to (C) have been to (D) have to

31. I am a fan of Amitabh Bachchan. His ..................... is good even at this age.

(A) perform (B) performed (C) performing (D) performance

32. Find out 'Adverb' from the following sentence :

The good persons always act honestly with other people.

(A) honestly (B) other (C) people (D) good

33. પૃથ્વીની સપાટીથી લગભગ 15 થી 50 કિ.મી. ઊંચાઈ સુધી કયા વાયુનો થર આવેલો છે ? તે સૂર્યના કયા રંગના કિરણોનું શોષણ કરે છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ, પીળા રંગના (B) ઓઝોન વાયુ, પાર જાંબલી રંગના

(C) કાર્બન મોનોક્સાઈડ, લીલા રંગના (D) પ્રાણવાયુ, નીલા રંગના

34. Choose the past participle of : "Teach"

(A) Taught (B) Teaches (C) Teaching (D) Teached

35. હૃદયના ધબકારાના નિયમન માટે મારું હોવુ જરૂરી છે :

(A) મેગ્નેશિયમ (B) ફોસ્ફરસ (C) પોટેશિયમ (D) કેલ્શિયમ

36. Kapildev was the .................... bowler in the India.

(A) fastest (B) faster (C) fasten (D) fast

37. રૂ. 5000 નું 8% લેખે 2 વર્ષના સાદા વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજનો તફાવત કેટલો થાય ?

(A) રૂ. 432 (B) રૂ. 400 (C) રૂ. 32 (D) રૂ. 832

38. ક્રમસૂચક સંખ્યાઓ માટેનું ગીત કયું ?

(A) એક એક ચકલી ચણતી'તી

(B) એક મારી ઢીંગલીને એવી સજાવું

(C) એકડો સાવ સળેખડો ને બગડો ડિલે તગડો

(D) એક મજાનો માળો એમાં દસ ચકલીઓ રહેતી'તી

39. પાંચ સંખ્યાની સરાસરી 6 છે. તે પૈકી ત્રણ સંખ્યાની સરાસરી 4 હોય તો બાકી બે સંખ્યાઓની સરાસરી .............. થાય.

(A) 9 (B) 18 (C) 5 (D) 6

40. ફ્યૂઝ બાંધવા માટે કયા પ્રકારની મિશ્રધાતુના તાર વપરાય છે ?

(A) કોપર + ટીન (B) કલાઈ + સીસું

(C) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં (D) કોપર + ઝીંક

41. 'પારકી આશ સદા નિરાશ' - કહેવતની વિરુદ્ધાર્થી કહેવત લખો :

(A) વાડ વગર વેલો ન ચડે (B) વધુ ડાહ્યો વધુ ખરડાય

(C) પારકી મા જ કાન વીંધે (D) મોટા એટલા ખોટા

www.globlegujarat.in

42. 51 થી 60 વચ્ચે આવતી અવિભાજ્ય સંખ્યાઓનો સરવાળો ...................... થાય.

(A) 120 (B) 112 (C) 169 (D) 53

43. પ્રાથમિક શિક્ષણ એટલે....

(A) વાચન, લેખન, ગણનનું શિક્ષણ (B) સ્વાવલંબનનું શિક્ષણ

(C) જીવન શિક્ષણ (D) અક્ષરજ્ઞાનનું શિક્ષણ

44. ગાંધીજીની બુનિયાદી શિક્ષણ યોજના બીજા કયા નામથી ઓળખાતી હતી ?

(A) વ્યવસાયિક શિક્ષણ યોજના (B) ગ્રામ દક્ષિણા મૂર્તિ યોજના

(C) ગ્રામ શિક્ષણ યોજના (D) વર્ધા શિક્ષણ યોજના

45. GIET પોતાના શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણનું માસિક સમયપત્રક કયા સામયિકમાં પ્રસિદ્ધ કરે છે ?

(A) GIET દર્પણ (B) શિક્ષણ જ્યોત (C) બાલસૃષ્ટિ (D) જીવન શિક્ષણ

46. My brother speaks .................... he were a leader.

(A) so that (B) as if (C) though (D) that

47. શબ્દકોશના ક્રમમાં છેલ્લે કયો શબ્દ આવશે ?

(A) ક્ષિતિજ (B) કૃષ્ણ (C) કૌશલ્યા (D) કુંદન

48. કેન્દ્ર અને રાજ્યોને સોંપાયેલ કાર્યો અને સત્તાઓ મુજબ શિક્ષણ કઈ યાદીમાં સામવિષ્ટ થાય ?

(A) રાજ્યયાદી (B) સંયુક્ત યાદી

(C) માનવસંસાધન યાદી (D) સંઘયાદી

49. 'વંદે માતરમ' ગીત બંકીમચંદ્ર ચેટરજીની કઈ નવલકથામાંથી લેવામાં આવ્યું છે ?

(A) આનંદ મઠ (B) આનંદ (C) અખંડ-આનંદ (D) ગીતાંજલિ

50. This is my purse. Where is .................. ?

(A) yours (B) mine (C) you (D) your

51. નખ શાના બનેલા હોય છે ?

(A) કેલ્શિયમ (B) ચરબી (C) ફોસ્ફરસ (D) કેરોટિન

52. મોનોલોગ એટલે શું ?

(A) પ્રોજેક્ટ (B) સંવાદો (C) એકપાત્રીય અભિનય (D) નાટક

53. 'નિશીથ' શબ્દનો અર્થ શું થાય ?

(A) મધ્યરાત્રિ (B) રાત્રિનો છેલ્લો પ્રહર

(C) સમગ્ર રાત્રિ (D) રાત્રિનો પ્રથમ પ્રહર

54. રૂદ્ર મહાલય ક્યાં આવેલો છે ?

(A) રૂદ્રેશ્વર (B) વેરાવળ (C) સિધ્ધપુર (D) પાટણ



www.globlegujarat.in

55. ત્રિકોણના એક ખૂણાનું માપ 85° છે. બાકીના બે ખૂણાઓના માપનો તફાવત 35 છે, તો બાકીના બે ખૂણાનાં માપ કેટલા હશે ?

(A) 35, 70 (B) 65, 30 (C) 55, 20 (D) 45, 80

56. કેલક્યુલેટરમાં આપેલા બટનો પૈકી :

(1) C અથવા CE ના ઉપયોગથી ફક્ત છેલ્લે દાખલ કરેલી સંખ્યા દૂર થાય છે.

(2) AC બટનના ઉપયોગથી તમામ ગણતરી દૂર થાય છે.

(A) 1 અને 2 બંને ખોટાં છે. (B) 1 સાચુ અને 2 ખોટું છે.

(C) 1 ખોટું અને 2 સાચુ છે. (D) 1 અને 2 બંને સાચા છે.

57. Change voice : By whom was that glass broken ?

(A) Who has broken that glass ? (B) Who broke that glass ?

(C) Who had broken that glass ? (D) Who break that glass ?

58. "હજારો વર્ષની જૂની અમારી વેદના" આ કાવ્યપંક્તિ કયા કવિની રચના છે ?

(A) ઉમાશંકર જોષી (B) નાનાલાલ (C) ઝવેરચંદ મેઘાણી (D) નર્મદ

59. 35..... 38..... 42..... 47..... તો ............... ?

(A) 53 (B) 54 (C) 55 (D) 52

60. નીચેના પૈકી ખોટું વિધાન પસંદ કરો.

(A) ઊનની બનાવટો પર વૂલમાર્કનું નિશાન હોય છે

(B) ખાદ્યસામગ્રીની બનાવટો પર આઈ.એસ.આઈ. નું નિશાન હોય છે.

(C) ચાંદીની બનાવટો ઉપર હોલમાર્કની નિશાની હોય છે.

(D) ખેતપેદાશોથી તૈયાર થતી વસ્તુ ઉપર એગમાર્કનું નિશાન હોય છે

61. ગણિત શિક્ષણમાં નીચેના પૈકી કઈ બાબત સૌથી વધુ લાગુ પડે છે ?

(A) પૃથક્કરણ શક્તિનો વિકાસ (B) અવલોકન શક્તિનો વિકાસ

(C) સર્જનાત્મકતાનો વિકાસ (D) તર્કવિકાસ

62. 'રાષ્ટ્રીય એકતાની ભાવનાનો વિકાસ' આ કયો ઉદ્દેશ્ય કહેવાશે ?

(A) શૈક્ષણિક ઉદ્દેશ્ય (B) સામાજિક ઉદ્દેશ્ય (C) વિશિષ્ટ ઉદ્દેશ્ય (D) રાષ્ટ્રીય ઉદ્દેશ્ય

63. 137° ના પૂરક કોણના કોટિકોણનું માપ કેટલું ?

(A) 46° (B) 47° (C) 40° (D) 43°

64. Sure, I ................. complete my task.

(A) am (B) is (C) are (D) will

65. ......... બાળકો પાસે ........... પાઠ્યપુસ્તકો ..... જોઈએ.

(A) બધા, પોતપોતાના, હોવા (B) બધા, પોતપોતાનાં, હોવાં

(C) બધાં, પોતપોતાના, હોવાં (D) બધાં, પોતપોતાનાં, હોવાં

www.globlegujarat.in

66. બાળકને મૂળાક્ષર લેખન શીખવવા સૌથી સારી શરૂઆત કઈ રીતે કરવી જોઈએ ?

(A) મૂળાક્ષરને સ્લેટમાં ઘૂંટાવવો.

(B) રેતિયા અક્ષર પર આંગળી ફેરવાવવી.

(C) ડોટેડ લાઈન જોડીને અક્ષર લેખન કરાવવું-ઘૂંટાવવું.

(D) મૂળાક્ષર કાર્ડ દ્વારા અક્ષર ઓળખ કરાવવી.

67. ભાષાકીય રીતે શુદ્ધ હોય તેવું વાક્ય કયું છે ?

(A) સ્રષ્ટિમાં તેણે જ માતાપિતાની સેવા કરી

(B) કસ્તુરબા સૌનાય બા હતા

(C) કાર્યશિબિર સારો છે

(D) તમામ અધિકારીઓ ફરજ પર હાજર હતા

68. They will inform you that they ................. just ...................... to Haridwar.

(A) are, going (B) will, go (C) have, gone (D) had, gone

69. 'ભારે ચિંતા થવી, ચટપટી થવી' - આવો અર્થ આપતો રૂઢિપ્રયોગ કયો છે ?

(A) જીવ ખાટો થવો

(B) જીવ તલપાપડ થવો

(C) જીવ પડીકે બંધાવો

(D) જીવ લઈને નાસવું

70. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતા મૂલ્યાંકન સાથે શું સુસંગત છે ?

(A) ગ્રેડ (B) ગ્રેડ પોઈન્ટ (C) ટકા (D) પર્સેન્ટાઈલ

71. સંકલ્પનાઓનો વિકાસ મુખ્યત્વે કોનો ભાગ હોય છે ?

(A) સાંવેગિક વિકાસ (B) બૌદ્ધિક વિકાસ (C) શારીરિક વિકાસ (D) સામાજિક વિકાસ

72. સાબુનું દ્રાવણ કોની સાથે લાલ રંગ આપે છે.

(A) હળદર (B) ખાંડ (C) લોટ (D) મીઠું

73. ધાતુના વાસણમાં દૂધ ગરમ કરીએ ત્યારે તપેલી ગરમ થાય છે તે ઉષ્મા પ્રસરણનો કયો પ્રકાર છે ?

(A) ઉષ્મા નયન (B) ઉષ્મા વહન (C) ઉષ્મા ગમન (D) ઉષ્મા વિકિરણ

74. નવી શિક્ષણ નીતિના ભાગરૂપે ગુજરાતમાં દૂર-અંતર શિક્ષણ (Distance Education) સ્વરૂપે કયો વિચાર ગતિશી બન્યો છે ?

(A) અવૈધિક શિક્ષણ

(B) ક્ષમતાલક્ષી અધ્યાપન

(C) ઓપન યુનિવર્સિટી

(D) ઓપન સ્કૂલ

75. કોસ્ટિક સોડાના દ્રાવણમાં હાઈડ્રોક્લોરિક એસિડ નાખતાં મીઠું અને પાણી બને છે તે કયા સમીકરણથી દર્શાવાય ?

(A) $NaOH + HCl \rightarrow NaCl + H_2O$

(B) $NaOH + HCl \rightarrow Na_2Cl + H_2O$

(C) $NaOH + HCl \rightarrow NaCl_2 + HO_2$

(D) $NaOH + HCl \rightarrow NaCl + HO_2$

76. શિક્ષકની કાર્યક્ષમતાનું સાચું માપ કઈ રીતે જાણી શકાય ?

(A) વિદ્યાર્થીઓના મૂલ્યાંકન દ્વારા

(B) સ્વમૂલ્યાંકન દ્વારા

(C) સાથી શિક્ષકોના મૂલ્યાંકન દ્વારા

(D) આચાર્યના અભિપ્રાય દ્વારા

www.globlegujarat.in

77. 'મહાન વ્યક્તિની નિકટમાં રહેનાર' - આ શબ્દસમૂહ માટે વપરાતો સૌથી યોગ્ય શબ્દ કયો છે ?

(A) અંતેવાસી (B) અનુગામી (C) ઉપસેવક (D) અંગત મદદનીશ

78. રૈખિક ખૂણાઓની જોડની બાબતમાં શું સાચું નથી ?

(A) બે કિરણો વિરૂદ્ધ કિરણો હોય (B) બે ખૂણાઓના માપનો સરવાળો 180° થાય

(C) બે કિરણો વિરૂદ્ધ ન હોય (D) એક સામાન્ય બાજુ હોય

79. સમય 3:30 કલાકે ઘડિયાળના બે કાંટા વચ્ચે કેટલા અંશનો ખૂણો બને ?

(A) 90° (B) 75° (C) 60° (D) 30°

80. Would you mind .................... the window ?

(A) to close (B) closed (C) closing (D) close

81. Ajay ...................... the matter among all the members.

(A) disclosed (B) disloced (C) dexclosed (D) disclose

82. 'મન ભીંતોમાં ભમવું' - આ રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?

(A) ગેરસમજ કે હઠ વ્યાપવી (B) ઝંખવાણા પડવું

(C) સારી વસ્તુને વધુ સારી બનાવવી (D) મન કોઈ જગ્યાએ સ્થિર ન હોવું

83. બાળકને નિબંધ લેખન શીખવવા માટેનું સૌથી અગત્યનું પગથિયું કયું છે ?

(A) શ્રુતલેખન (B) સ્વતંત્ર લેખન

(C) અનુલેખન (D) અર્થગ્રહણયુક્ત વાચન

84. Choose correct sentence.

(A) What might has happened to the football ?

(B) What might have happenning the football ?

(C) What may has happened to the football ?

(D) What might have happened to the football ?

85. વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરવા માટે કેવા પ્રકારનું પ્રશ્નપત્ર હોવું જોઈએ ?

(A) નિબંધ પ્રકારના પ્રશ્નોવાળું (B) ટૂંકા પ્રશ્નોવાળું

(C) અહીં દર્શાવેલ તમામ (D) હેતુલક્ષી પ્રશ્નોવાળું

86. લોકશાહી દેશમાં સામાજીક પરિવર્તન માટે નીચેનામાંથી કયું પરિબળ સૌથી વધુ અસરકારક છે ?

(A) પરિવાર (B) સમુદાય (C) ધર્મ (D) શિક્ષણ

87. નીચેનામાંથી સાચી જોડણી કઈ છે ?

(A) પ્રુથક્કરણ (B) પૃથક્કરણ (C) પૃથ્થક્કરણ (D) પૃથ્થકરણ

88. કયો ઓક્સાઈડ એસિડીક ગુણધર્મ ધરાવે છે ?

(A) $SO_2$ (B) CaO (C) BaO (D) MgO

89. 'મિજાજ તરડાવો' રૂઢિપ્રયોગનો અર્થ બતાવો.

(A) મિજાજ ગુમાવવો (B) ખુશ મિજાજ થવું (C) વિચાર બગાડવો (D) અભિમાન થવું



www.globlegujarat.in

90. એક ચોરસની પરિમિતિ 100 મીટર હોય, તો તે ચોરસનું ક્ષેત્રફળ કેટલા ચો. મી. થાય ?

(A) 100 ચો.મી. (B) 1000 ચો.મી. (C) 6250 ચો.મી. (D) 625 ચો.મી.

91. વૃક્ષોની આસપાસ ઠંડકનો અનુભવ થાય છે, તે વનસ્પતિની કઈ પ્રક્રિયાને આભારી છે ?

(A) શ્વસન (B) રસારોહણ (C) ઉત્સ્વેદન (D) પ્રકાશસંશ્લેષણ

92. આવેશ, હતાશા, આનંદ, ગુસ્સો, દુઃખ વગેરે બાળકના કયા વિકાસ સાથે સંબંધિત છે ?

(A) માનસિક (B) સાંવેગિક (C) શારીરિક (D) સામાજીક

93. 3 નું વર્ગમૂળ એ ........ સંખ્યા છે.

(A) અસંમેય (B) અવાસ્તવિક (C) આવૃત્ત (D) સંમેય

94. અધ્યાપન એટલે ?

(A) ઉચ્ચ બુદ્ધિ પ્રાપ્ત કરવી (B) પર્યાપ્ત જ્ઞાન હાંસલ કરવું

(C) વર્તનમાં પરિવર્તન ધારણ કરવું (D) ઉચ્ચ પ્રાપ્તાંકો મેળવવા

95. ભારતીય સંઘનો દક્ષિણનો છેડો કયો છે ?

(A) અંદામાન નિકોબાર દ્વીપ સમૂહ (B) મિનિકોય ટાપુ

(C) ઈંદિરા પોઈન્ટ (D) વિવેકાનંદ રોક મેમોરીયલ

96. 'સાત પગલાં આકાશમાં' નવલકથાના સર્જક કોણ છે ?

(A) ઈલા આરબ મહેતા (B) ધીરુબેન પરીખ

(C) કુંદનિકા કાપડિયા (D) અવંતિકા ગુણવંત

97. એક વર્તુળાકાર મેદાનનો વ્યાસ 140 મીટર છે. આ મેદાનની ફરતે 3 રૂપિયા/મીટર લેખે દોરડું ગોઠવવાની કેટલી થાય ?

(A) 46, 200 રૂ. (B) 1320 રૂ. (C) 1200 રૂ. (D) 660 રૂ.

98. આપેલા શબ્દોમાંથી કયા શબ્દનો અર્થ 'હોડી' થતો નથી ?

(A) ખલી (B) મછવો (C) પનાઈ (D) તરિ

99. કઈ વનસ્પતિમાં સંયુક્ત પર્ણ હોય છે ?

(A) આંબો (B) તુલસી (C) જાસૂદ (D) લીમડો

100. ગાંધીજી દ્વારા લખાયેલું સૌથી મૌલિક પુસ્તક એટલે....

(A) દક્ષિણ આફ્રિકાના સત્યગ્રહનો ઈતિહાસ (B) અનાસક્તિ યોગ

(C) હિંદ સ્વરાજ (D) સત્યના પ્રયોગો

101. નીચેનામાંથી 'જંગલ' શબ્દનો પર્યાયવાચી ન હોય તેવો શબ્દ કયો છે ?

(A) અરણ્ય (B) વિપન્ન (C) વિપિન (D) કાનન

102. 59 માં ઓછામાં ઓછા કેટલા ઉમેરીએ તો તેને 7 અને 3 વડે નિઃશેષ ભાગી શકાય ?

(A) 3 (B) 25 (C) 16 (D) 4



www.globlegujarat.in

103. સાંવેગિક અભિવ્યક્તિ અને સાંવેગિક નિયમનમાં કોનું વર્તન બાળક માટે મોડેલ બનતું હોય છે ?

(A) માતાપિતા અને શિક્ષકોનું (B) માતા-પિતા બંનેનું

(C) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં (D) માતાનું

104. 'પ્રયત્ન અને ભૂલો દ્વારા અધ્યયન' આ કોનો સિધ્ધાંત છે ?

(A) ફ્રેડરિક સ્કિનર (B) થોર્નડાઈક (C) મોર્ગન (D) જ્હોન ડ્યુઈ

105. ધ્યેય વિહીન ક્રિયાઓ આચરવી એ શિક્ષકત્વનું કેવું પાસુ છે ?

(A) નબળુ પાસુ (B) બુદ્ધિચાતુર્ય (C) વાર્તનિક (D) સબળુ પાસુ

106. સમાન ગુણ ......................... હોય ત્યાં મૈત્રી સંભવે ...

(A) શૈલ (B) શીલ (C) શિલત્વ (D) શિલ

107. 'The eagle can see very far. It has sharp eyes.' - find out the meaning of the 'sharp' word.

(A) powerful (B) beautiful (C) small (D) big

108. પ્રાથમિક શાળા કક્ષાએ સમવાય શિક્ષણ મુખ્યત્વે કોની સાથે જોડાયેલું છે ?

(A) બુનિયાદી શિક્ષણ (B) કલા દ્વારા શિક્ષણ

(C) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં (D) પ્રકૃતિ દ્વારા શિક્ષણ

109. 30 મી એપ્રિલને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ?

(A) બાળ મજૂરી વિરોધ દિન (B) બાળ અધિકાર દિન

(C) બાળદિન (D) વિશ્વ નૃત્ય દિન

110. વિદ્યાર્થીઓના વર્તન-પરિવર્તન માટેનો શ્રેષ્ઠ ઉપાય છે...........

(A) શારીરિક શિક્ષા (B) પુરસ્કાર

(C) શાળામાંથી હાંકી કાઢવું (D) સલાહ

111. સૂચિત સુવર્ણ ચતુર્ભૂજ કયાં શહેરોને જોડશે ?

(A) અમદાવાદ-વડોદરા-સુરત-મુંબઈ (B) દિલ્હી-મુંબઈ- પુના- મદુરાઈ

(C) રાજકોટ-અમદાવાદ-સુરત-મુંબઈ (D) મુંબઈ-દિલ્હી-કોલકત્તા-ચેન્નાઈ

112. નીચે પૈકી સાચુ સમીકરણ કયું છે ?

(A) નફો = મૂળ કિંમત – ખરીદ કિંમત (B) ખોટ = વેચાણ કિંમત – મૂળ કિંમત

(C) ખોટ = મૂળ કિંમત – વેચાણ કિંમત (D) નફો = ખરીદ કિંમત – વેચાણ કિંમત

113. રમત દ્વારા આનંદમય શિક્ષણ આપવાની હિમાયત કોણે કરી હતી ?

(A) મનુભાઈ પંચોળી (B) રમણલાલ સોની (C) જુગતરામ દવે (D) ગિજુભાઈ બધેકા

114. આપેલ સમાનાર્થી શબ્દોની કઈ જોડ સાચી છે ?

(A) પાણિ - જળ (B) પૂર - નગર (C) પાણી - હાથ (D) પુર - નગર



www.globlegujarat.in

115. જ્યારે તડકામાંથી અચાનક ઘરમાં દાખલ થઈએ છીએ ત્યારે આંખે અંધારા આવી જાય છે. આવું આંખના કયા ભા થાય છે ?

(A) કનિનિકા (B) કીકી (C) નેત્રમણિ (D) પારદર્શક પટલ

116. નીચેનામાંથી કઈ કૃતિ 'પન્નાલાલ પટેલ' ની છે ?

(A) અલપ ઝલપ (B) લોહીની સગાઈ

(C) અરવલ્લીની આસ્થા (D) બારણે ટકોરા

117. ધોરણ 1 માં ક્યાં સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં આવે છે ?

(A) 1 થી 50 સુધી (B) 1 થી 20 સુધી

(C) 1 થી 1000 સુધી (D) 1 થી 100 સુધી

118. Find out the correct spelling :

(A) Geography (B) Geagrephy (C) Geogriphy (D) Geagraphy

119. ...................... I help you in your work ?

(A) Does (B) May (C) Would (D) Do

120. વર્તુળ માટે નીચે પૈકી કયુ વાક્ય ખોટું છે ?

(A) વ્યાસ તે સૌથી મોટી જીવા છે.

(B) વ્યાસ ત્રિજ્યા કરતા બમણો હોય છે.

(C) વ્યાસ ત્રિજ્યા કરતા અર્ધો હોય છે.

(D) વર્તુળના કેન્દ્રમાંથી પસાર થતી જીવાને વર્તુળનો વ્યાસ કહે છે.

121. ...................... milk is there in the bottle.

(A) How much (B) How far (C) How long (D) How many

122. આપેલા વિકલ્પ પૈકી કયા શબ્દની જોડણી સાચી છે ?

(A) પિયુષ (B) પીયુષ (C) પિયૂષ (D) પીયૂષ

123. ફીફા વર્લ્ડકપ 2014 ની ફાઈનલ મેચમાં કયા ખેલાડીએ ગોલ કરી જર્મનીને વિજય અપાવ્યો ?

(A) લીઓનલ મેસ્સી (B) ટોની ક્રુસ (C) થોમસ મૂલર (D) મારીઓ ગોએત્ઝ

124. 5 + 10 + 15 + ............... + 100 નો સરવાળો શોધો.

(A) 1050 (B) 525 (C) 1025 (D) 105

125. Chirag was absent yesterday because of his Father's......................

(A) fitness (B) ill (C) fit (D) illness

126. સૌથી મોટુ ખારા પાણીનું સરોવર કયું અને ક્યાં આવેલું છે ?

(A) ટોન કીંગ સરોવર, ચીન (B) કાસ્પિયન સરોવર, રશિયા

(C) માનસરોવર, એશિયા (D) બૈકલ સરોવર, સાઈબીરીયા



www.globlegujarat.in

ાગથી

127. આજે એક તજજ્ઞ આવ્યા હતા. ........ કહ્યું કે બાળકો ......... છોડ જેવાં છે. શિક્ષકે માળીની જેમ ........ જતન કરવાનું છે.

(A) તેમણે, કુમળા, તેમનું
(B) તેમણે, કૂમળા, એમનું
(C) તેમને, કુમળા, તેઓનું
(D) તેમને, કુમળા, તેમનું

128. કચ્છના કયા ગામને ભારત સરકારે 'હેરીટેજ વિલેજ' તરીકે જાહેર કર્યું છે ?

(A) મુંદ્રા (B) અંજાર (C) તેરા (D) વાંકી

129. 'મેં તો સારું જ પેપર લખ્યું હતું પરંતુ મારા સાહેબે બરાબર ચકાસ્યું નહીં એટલે ઓછા ગુણ આવ્યા' - આ વિધાન કઈ બચાવ પ્રયુક્તિ દર્શાવે છે ?

(A) આક્રમકતા (B) પ્રક્ષેપણ (C) ધ્યાનાકર્ષણ (D) ક્ષતિપૂર્તિ

130. $(2^3)^2$ અને $2^{3^2}$ ની કિંમત વચ્ચેનો તફાવત કેટલોથશે ?

(A) 448 (B) 512 (C) 64 (D) શૂન્ય

131. ભારતની બંધારણ સભાના પ્રમુખ કોણ હતા ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(B) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(C) ડૉ. સ્વરૂપ સિંઘ
(D) ડૉ. બાબાસાહેબ આંબેડકર

132. એમોનિયમ નાઈટ્રાઈટને ગરમ કરતાં કઈ નિપજ પ્રાપ્ત થાય છે ?

(A) $N_2$ (B) $NH_3$ (C) $N_2O$ (D) $NO_2$

133. Find out the correct opposite word of : 'Handsome'

(A) Ugly (B) Lovely (C) Dull (D) Beautiful

134. નીચેનામાંથી કયું બાળ સામયિક છે ?

(A) ઝુમખડું (B) બાળમિત્ર (C) એતદ (D) કવિ લોક

135. ગૌરીશંકર જોષીએ ગુજરાતી સાહિત્યમાં કયા ઉપનામથી જાણીતા છે ?

(A) ધૂમકેતુ (B) ઉશનસ્ (C) દર્શક (D) વૈશમપાયન

136. 1. હું ખોટો નથી એ કેમ સિધ્ધ કરું ? 2. તેણે શી વાત કરી ? 3. મારે શું કામ કરવાનું છે ? - આ ત્રણેય વાક્યમાં પ્રશ્નવાચક વિશેષણ કયાં છે ?

(A) કરું, કરી, કરવાનું (B) સિધ્ધ, વાત, કામ (C) હું, તેણે, મારે (D) કેમ, શી, શું

137. π (પાઈ)ની કિંમત 3.1416 સૌ પ્રથમ કોણે આપી ?

(A) શ્રીનિવાસ રામાનુજમ
(B) વરાહમિહિર
(C) પાયથાગોરસ
(D) આર્યભટ્ટ

138. સંધિવિગ્રહની કઈ વિગત ખોટી છે ?

(A) મનોહર = મનસ્ + હર
(B) દિક્પાલ = દિશ્ + પાલ
(C) નિષ્કામ = નિશ્ + કામ
(D) દિગંબર = દિક્ + અંબર



www.globlegujarat.in

139. સને 1939 માં સુભાષચંદ્ર બોઝે કયા રાજકીય પક્ષની સ્થાપના કરી હતી ?

(A) આરઝી હકૂમત (B) ઈન્ડિયન રિપબ્લિકન
(C) ફોરવર્ડ બ્લોક (D) આઝાદ હિંદ ફોજ

140. Monday comes .................... Sunday and Tuesday.

(A) after (B) between (C) among (D) before

141. અભિક્રમિત અધ્યયન સાથે નીચેનામાંથી કોનું નામ સંકળાયેલું છે ?

(A) જ્હોન ડ્યુઈ (B) પાવલોવ (C) થોર્નડાઈક (D) સ્કીનર

142. એક ઘન સેમી બરાબર કેટલા મિલિલીટર ?

(A) 10 મિલિલીટર (B) 100 મિલિલીટર
(C) 1000 મિલિલીટર (D) 1 મિલિલીટર

143. શિક્ષણના કયા ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે પાઠ્યપુસ્તક ઉપયોગી છે ?

(A) જ્ઞાનાત્મક (B) ક્રિયાત્મક
(C) અહીં દર્શાવેલ ત્રણેય (D) ભાવાત્મક

144. બાળકનો બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર કોણે તૈયાર કર્યું છે ?

(A) ડૉ. કામઠે (B) સાયમને (C) ટર્મને (D) ડૉ. આલ્ફ્રેડ બિને

145. યુઆન કયા દેશનું નાણું છે ?

(A) ચીન (B) યુ.કે. (C) ઈરાન (D) કઝાકીસ્તાન

146. 'બાળકને 14 વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ.' આ કઈ નીતિનું સુફળ છે ?

(A) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (B) યુનોના બાળ હકો
(C) રાજ્યના બાળ કાનૂન (D) રાષ્ટ્રીય બાળકલ્યાણ નીતિ

147. 'The farmers grow wheat in the winter season.' - show the kind of noun of 'wheat'

(A) Abstract (B) Collective (C) Material (D) Common

148. લક્ષ્મીબેનની વાડી ગામથી 425 મીટર દૂર છે. કાન્તાબેનની વાડી લક્ષ્મીબેનની વાડીથી 575 મીટર દૂર છે. બંને એક જ સુરેખા પર છે. તો ગામથી કાન્તાબેનની વાડી કેટલી દૂર હશે ?

(A) 150 મીટર (B) 425 મીટર (C) 575 મીટર (D) 1000 મીટર

149. નીચેનામાંથી કોણ ચુંબકથી આકર્ષાતું નથી ?

(A) નીકલ (B) કોબાલ્ટ (C) ફેરસ (D) કોપર

150. બે અરીસા વચ્ચે કેટલાં અંશનો ખૂણો રાખવાથી એક વસ્તુના અસંખ્ય પ્રતિબિંબ મળે ?

(A) 360° (B) 0° (C) 90° (D) 180°

• • •



www.globlegujarat.in